ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

બુધવાર ૪ નવેમ્બર, ૨૦૨૬

પારકાની જમીન પર 'આવકાર બંગલોઝ'નું બોગસ પાટિયું મારી નાણાં પડાવ્યાં

નડિયાદમાં ભાજપના પૂર્વ હોદ્દેદારે રૂા. ૪.૧૪ લાખનું કૌભાંડ આચર્યું

મહુધાના દંપતીને રૂ. ૨૪.૫૦ લાખમાં ડુપ્લેક્ષ આપવાની લાલચ આપી ટુકડે-ટુકડે નાણાં પડાવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

નડિયાદના મિશન રોડ વિસ્તારમાં અન્ય વ્યક્તિની માલિકીની જમીન પોતાની દર્શાવી ભાજપના પૂર્વ હોદ્દેદારે 'આવકાર બંગલોઝ' નામની નકલી સ્કીમ મૂકીને એક દંપતી સાથે રૂા. ૪.૧૪ લાખની છેતરપિંડી આચરી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અગાઉ પણ અનેક નાણાંકીય ફ્રોડ આચરી ચૂકેલા આ આરોપી સામે નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હોવા છતાં પોલીસ તંત્ર હજુ સુધી તેની અટકાયત કરી શક્યું નથી.

નડિયાદના મિશન રોડ પર આવેલી રામ તલાવડી સરકારી વસાહત પાછળ ભાજપના પૂર્વ હોદ્દેદાર હારૂનશા જુમ્માશા દિવાને 'આવકાર બંગલોઝ' નામની સ્કીમ શરૂ કરી હોવાની જાહેરાત કરી હતી. મહુધા તાલુકાના નાની ખડોલી ગામમાં રહેતા સ્નેહલ પરમાર અને ઈમાનુએલ પરમાર આ સ્કીમમાં મકાન ખરીદવા માટે ગયા ત્યારે હારૂનશા દિવાને તેમને રૂ. ૨૪,૫૦,૦૦૦માં ડુપ્લેક્ષ મકાન આપવાનું નક્કી કર્યું હતું. આ બુકિંગ પેટે આરોપીએ દંપતી પાસેથી રૂ. ૧૧હજાર બુકિંગ રકમ, ગુગલ પે દ્વારા રૂ. ૫૮ હજાર, ચેક મારફતે રૂ. ૩.૫૦ લાખ અને રોકડા રૂ. ૬ હજાર મળીને કુલ રૂ. ૪.૧૪ લાખ ટુકડે-ટુકડે મેળવી લીધા હતા.

નાણાં મેળવ્યા બાદ હારૂનશાએ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં મકાનનો કબજો સોંપવાનો વાયદો કર્યો હતો. પરંતુ સમય વીતવા છતાં ઘટનાસ્થળે બાંધકામ શરૂ ન થતાં દંપતીએ શંકાના આધારે તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, જે જમીન પર સ્કીમ બતાવવામાં આવી હતી તે જમીન હારૂનશાની માલિકીની જ નથી, પરંતુ એડવર્ડ ખ્રિસ્તી નામના અન્ય વ્યક્તિની છે. એટલું જ નહીં, આ જમીન પર બાંધકામ કરવા માટે કોઈ પણ પ્રકારની કાયદેસરની સરકારી પરવાનગી લેવામાં આવી નહોતી. બોગસ દસ્તાવેજોના આધારે છેતરપિંડીનો ભોગ બનેલા દંપતીએ આખરે નડિયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં હારૂનશા દિવાન વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

રીઢા ગુનેગાર સામે પોલીસ કાર્યવાહી સામે સવાલો

- **અગાઉના કૌભાંડોઃ** આરોપી હારૂનશા દિવાન અગાઉ પણ બોગસ કાગળોના આધારે અનેક લોકો સાથે નાણાંકીય ફ્રોડ કરી ચૂક્યો છે અને લોકોના નાણાં પડાવી લીધા છે.
- **પોલીસની નિષ્ક્રિયતાઃ** ભાજપના પૂર્વ હોદ્દેદાર તરીકેની ઓળખ ધરાવતા આરોપી સામે ફરિયાદ નોંધાયા છતાં પોલીસ હજુ સુધી આરોપી સુધી કેમ પહોંચી શક્યું નથી તે ચર્ચાનો વિષય બન્યો છે.
- **પીડિતોની માંગઃ** રીઢા ગુનેગાર સામે ત્વરિત કડક કાર્યવાહી થાય અને ભોગ બનનાર દંપતીને તેમના નાણાં પરત મળે તેવી માંગ ઉઠી છે.

નિર્ણય નહીં બદલે તો તમામ વિદ્યાર્થીઓના એલસી કઢાવી લેવાની ચીમકી

રોહીસામાં વિવાદી આચાર્યને પુનઃ મુકતાં શાળાને તાળાબંધી!

ગાંધીનગર શિક્ષણમંત્રી સમક્ષ રજૂઆતની ધારાસભ્યએ ખાતરી આપી છતાં આક્રોશ યથાવત



(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

મહેમદાવાદ તાલુકાના રોહીસા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષણ વિભાગની ઘોર બેદરકારી અને વહીવટી અંધાધૂંધી સામે ગ્રામજનોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. જે આચાર્યના માનસિક ત્રાસથી કંટાળીને ભૂતકાળમાં છ-છ શિક્ષકો બદલી કરાવીને ભાગી ગયા હતા, તે જ વિવાદિત એચટાટ આચાર્યા શિલ્પા એમ. દેસાઈને શિક્ષણ તંત્ર દ્વારા ફરીથી એ જ રોહીસા શાળામાં મૂકવામાં આવતાં ગામમાં ભારે વિસ્ફોટ થયો છે. આ નિર્ણયના વિરોધમાં આક્રોશિત વાલીઓ અને ગામના લોકોએ ગુરુવારે સવારે શાળાના મુખ્ય દરવાજા પર તાળાબંધી કરી શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે અટકાવી દીધું હતું.

મહેમદાવાદમાં શિક્ષણ વિભાગના અણઘડ વહીવટના કારણે રોહીસા પ્રાથમિક શાળામાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. વિવાદિત આચાર્યા શિલ્પા એમ. દેસાઈ બુધવારે સાંજે શાળામાં હાજર થતાં જ ગામમાં નારાજગીનો વંટોળ ઊઠ્યો હતો. બીજા દિવસે ગુરુવારે સવારે મોટી સંખ્યામાં ગ્રામજનો અને વાલીઓ શાળાના કમ્પાઉન્ડમાં ઉમટી પડ્યા હતા. તેમણે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી શાળાના મુખ્ય દ્વાર પર તાળાં મારી દીધાં હતાં અને અન્ય શિક્ષકોને પણ શાળામાં પ્રવેશવા દીધા નહોતા. તંત્રના અવિચારી નિર્ણયના કારણે અભ્યાસ અર્થે આવેલા બાલવાડીથી ધોરણ ૮ સુધીના ૩૫૫ માસૂમ બાળકોને ભણ્યા વિના જ ઘરભેગા થવાની નોબત આવી હતી.

આ શાળામાં બાલવાડીથી લઈને ધોરણ ૮ સુધીના કુલ ૩૫૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. શાળા સંચાલન અને શિક્ષણ તંત્રની ઘોર લાપરવાહીથી કંટાળેલા વાલીઓએ કડક શબ્દોમાં સંભળાવી દીધું છે કે, જો આ વિવાદિત બદલી તાત્કાલિક અસરથી રદ કરવામાં નહીં આવે તો તેઓ પોતાના તમામ બાળકોના લિવિંગ સર્ટિફિકેટ (LC) કઢાવી લેશે. એટલું જ નહીં, આવનારા દિવાળી વેકેશન બાદ પણ શાળામાં શૈક્ષણિક કાર્ય શરૂ થવા દેવામાં આવશે નહીં.

રોહીસા શાળામાં તાળાબંધી અને ગામજનોનો રોષ જોઈ મામલો વધુ બિચકતો અટકાવવા મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે ઉશ્કેરાયેલા ગ્રામજનોને શાંત પાડી બાળકોનું ભવિષ્ય ન બગડે તે માટે આશ્વાસન આપ્યું હતું. ધારાસભ્યે આ બદલી પાછળના કારણોની તપાસ કરાવી ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી સમક્ષ આ ગંભીર મુદ્દો ઉઠાવવાની ખાતરી આપી હતી. જોકે, ભૂતકાળના કડવા અનુભવોથી દાઝેલા ગ્રામજનો આચાર્યની તાત્કાલિક હાંકી કાઢવાની માંગણી પર અડગ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડા જિલ્લાના શિક્ષણ વિભાગમાં અવાર નવાર વિવાદાસ્પદ મુદ્દા ઉઠતાં રહે છે. મહેમદાવાદ ઉપરાંત અગાઉ જિલ્લાના અન્ય ગ્રામ્ય વિસ્તારની શાળામાં પણ આચાર્ય અને શિક્ષકો સામે ગ્રામજનોને વારંવાર બાયોં ચડાવવી પડે છે. શિક્ષણ વિભાગની બેદરકારીથી અભ્યાસ બગડી રહ્યો છે.

૬ શિક્ષકોની બલિ ચડી ગઈ છતાં તંત્ર કાનમાં આંગળા નાખીને બેસી રહ્યું!

આ સમગ્ર વિવાદના મૂળમાં આચાર્યનો ભૂતકાળનો અત્યંત વિવાદસ્પદ કાર્યકાળ રહેલો છે. અગાઉ આ જ શાળામાં ફરજ બજાવતી વખતે આચાર્ય શિલ્પા દેસાઈ સામે માનસિક ત્રાસ આપવાના ગંભીર આક્ષેપો સાથે શાળાના ૬ જેટલા શિક્ષકોએ જિલ્લા શિક્ષણાધિકારીને લેખિતમાં ફરિયાદ કરી હતી. આચાર્યના અસહ્ય ત્રાસથી કંટાળીને આ તમામ શિક્ષકોએ પોતાની અન્યત્ર બદલી કરાવી લીધી હતી. તે સમયે શાળા વ્યવસ્થાપન સમિતિ તથા ગ્રામજનોએ આચાર્યની તાનાશાહી કાર્યશૈલી સામે ઉગ્ર લડત આપતાં શિક્ષણ વિભાગે તેમની બદલી કરી દીધી હતી. આમ છતાં, કયા વહીવટી મેળાપીપણા કે રાજકીય આકાઓના આશીર્વાદથી એ જ વિવાદિત વ્યક્તિને ફરીથી રોહીસા શાળાનો હવાલો સોંપાયો, તે અંગે અનેક સવાલો ઊભા થયા છે.

તારાપુરમાં યુવકની હત્યાના કેસમાં ૧૦ વર્ષની સખ્ત કેદ

અદાલતે હત્યાને બદલે સદોષ માનવવધ ગણી ચુકાદો આપ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૩

તારાપુર તાલુકાના સાંઠ ગામે સાડા સાત વર્ષ અગાઉ જમવાનું લેવા બાબતે થયેલા સામાન્ય ઝઘડામાં યુવકની હત્યા કરવાના કેસમાં ખંભાતની ડિસ્ટ્રિક્ટ કોર્ટે મુખ્ય આરોપી નટુભાઈ મણીભાઈને આઈ.પી.સી. કલમ ૩૦૪ (સદોષ માનવવધ) હેઠળ ૧૦ વર્ષની સખ્ત કેદ અને રૂ. ૨૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે.

તારાપુરના સાંઠ ગામે રહેતા મહેશભાઈ ચુનીભાઈ પરમાર ગત ૩જી મે, ૨૦૧૯ના રોજ ગામમાં નટુભાઈ મણીભાઈને ત્યાં જમવાનું લેવા ગયા હતા. આ દરમિયાન બોલાચાલી થતાં ઉશ્કેરાયેલા નટુભાઈએ મહેશભાઈના માથામાં લોખંડની પાઈપ મારી દીધી હતી, જ્યારે તેમના અન્ય બે ભાઈઓ ભુપત અને કાંતિએ લાકડીઓથી માર માર્યો હતો. આ હુમલામાં મહેશભાઈનું મોત નીપજ્યું હતું.

આ ઘટના અંગે તારાપુર પોલીસે ગુનો નોંધી ખંભાત કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસ ખંભાતના બીજા એડિશનલ સેસન્સ જજ પી. એચ. શર્માની કોર્ટમાં ચાલ્યો હતો. આ કેસની સુનાવણી દરમિયાન અન્ય ભુપતભાઈ અને કાંતિભાઈનું મૃત્યુ થતાં અદાલતે તેમના નામ રદ કર્યા હતાં. જ્યારે અદાલતે નોંધ્યું કે ઈરાદો સીધી હત્યા કરવાનો નહોતો, પરંતુ માથામાં ઘાતક ઈજાથી મોત થઈ શકે તેની તેને જાણકારી હતી. આથી અદાલતે ગુનાને આઈપીસી કલમ ૩૦૪ (સદોષ માનવવધ) હેઠળ ગણીને સજા ફટકારી છે.

કઇ કલમમાં કેટલી સજા થઇ

- **આઈ.પી.સી. કલમ ૩૦૪ હેઠળઃ** ૧૦ વર્ષની સખ્ત કેદ અને રૂ. ૨૦,૦૦૦નો દંડ (દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની સખ્ત કેદ).
- **આઈ.પી.સી. કલમ ૫૦૪ હેઠળઃ** ૧ વર્ષની સખ્ત કેદ અને રૂ. ૧,૦૦૦નો દંડ (દંડ ન ભરે તો વધુ ૨ માસની સજા).
- **જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળઃ** ૧ માસની સખ્ત કેદ અને રૂ. ૫૦૦નો દંડ (દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની સજા).
- અદાલતે વસૂલાયેલા દંડમાંથી રૂ. ૧૦ હજાર મૃતક યુવકના માતા-પિતાને વળતર તરીકે ચૂકવવાનો આદેશ કર્યો છે.

ભાલેજ પાસે બે બાઈક અથડાતાં યુવકનું મોત

પણસોરા-ઉટખરી રોડ પર દુર્ઘટના સર્જાઇ

(પ્રતિનિધિ) આણંદ, તા.૩

ઉમરેઠ તાલુકાના પણસોરા નજીક ઉટખરીવાળા રોડ પર ગીરીરાજ સોસાયટી પાસે બે બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ટાઈલ્સ ફીટિંગનું કામ કરતા યુવકનું ગંભીર ઈજાઓ પહોંચતાં મોત નીપજ્યું છે. જ્યારે સામેથી આવતી બાઈક પર સવાર બે યુવક ઘવાયાં હતાં. આ અંગે ભાલેજ પોલીસે ગુનો નોંધ્યો હતો.

ઉમરેઠ તાલુકાના ઉટખરી ગામમાં રહેતા બુધાભાઈ પરમારનો પુત્ર રાજેશ પરમાર સોમવારે સવારે બાઈક લઈને પણસોરા ગામે ટાઈલ્સ ફીટિંગના કામ અર્થે ગયો હતો અને બપોરે ઘરે પરત આવવા નીકળ્યો હતો. તે વેળાએ ઉટખરી રોડ પર આવેલી ગીરીરાજ સોસાયટી નજીક સામેથી પુરઝડપે આવી ચઢેલા ડબલ સવારી બાઈકના ચાલકે ટક્કર મારતાં ત્રણેય રોડ પર ફંગોળાઈ પડ્યા હતા.

આ અકસ્માતમાં રાજેશ પરમારને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે ટક્કર મારનાર બાઈક પર સવાર હિતેન્દ્રસિંહ માનસિંહ (ઉ.વ. ૨૬) અને મોન્ટુકુમાર માનસિંહ (ઉ.વ. ૨૪, બંને રહે. ઉટખરી) ને પણ ઈજાઓ થઈ હતી. આ અકસ્માતના પગલે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નડિયાદ સિવિલ હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે રાજેશ પરમારને મૃત જાહેર કર્યા હતા. આ મામલે ભાલેજ પોલીસે બુધાભાઈ પરમારની ફરિયાદના આધારે ટક્કર મારનાર બાઈકના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

અડાસમાં મંદિરની મિલકત પર બોર્ડ મારવા વિવાદ થયો

(પ્રતિનિધિ) આણંદ, તા. ૩

આણંદ તાલુકાના અડાસ ગામે અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરની મિલકતમાં સંસ્થા દ્વારા જાહેર નોટિસનું બોર્ડ લગાડતી વખતે ગામના ત્રણ શખ્સોએ આવી બોર્ડ તોડી નાખી જાનથી મારવાની ધમકી આપતાં ચકચાર મચી છે.

અડાસ ગામમાં રહેતા અને અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થામાં કાર્યકર્તા તરીકે સેવા આપતા ઉપેન્દ્રકુમાર પટેલની ફરિયાદ મુજબ, ગામમાં આવેલી સ્વામિનારાયણ સંસ્થાની જગ્યાનો મામલો ઉપલી કોર્ટમાં જતાં ત્યાં યથાવત સ્થિતિ જાળવવાનો હુકમ હતો. બાદમાં ગત ૩૧મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ અડાસ ગ્રામ પંચાયત દ્વારા સંસ્થાને બાંધકામ માટેનો ઠરાવ પસાર કરી મંજૂરી આપવામાં આવી હતી.

આ મંજૂરી મળ્યા બાદ સંસ્થા દ્વારા તે મિલકત પર લોખંડના પતરાનું જાહેર નોટિસવાળું બોર્ડ લગાડવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન અડાસના વિજય ઉર્ફે પની રમેશભાઈ પઢીયાર, સંજય ભોઈ અને કાનજી લાલાભાઈ ભોઈ ત્યાં આવ્યા હતા. મિલકતમાં કોઈ હક્ક કે હિસ્સો ન હોવા છતાં તેઓએ આ તમારી મિલકત ક્યાં છે ? તેમ કહી ઝઘડો કર્યો હતો.

દરમિયાન વિજય ઉર્ફે પનીએ ઉશ્કેરાઈને બોર્ડ કાઢીને ફેંકી દીધું હતું અને લોખંડની નરાશ બોર્ડ પર મારીને તેને તોડી નાખ્યું હતું. એટલું જ નહીં, આરોપીઓએ સંસ્થાના લોકોને અહીં ફરીથી આવશો તો જાનથી મારી નાખીશું તેવી ગંભીર ધમકીઓ આપતાં વાતાવરણ ઉત્તેજનાપૂર્ણ બન્યું હતું. આ બનાવ અંગે વાસદ પોલીસે વિજય ઉર્ફે પની પઢીયાર, સંજય ભોઈ અને કાનજી ભોઈ વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

આણંદમાં મીઠાઈ અને ફરસાણના ૫૩ નમૂના લેવાયા, ૮૨ની સ્થળ પર તપાસ

આણંદ જિલ્લામાં દિવાળી પૂર્વે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની સઘન તપાસ





(પ્રતિનિધિ) આણંદ તા.૩

આણંદમાં દિવાળીના તહેવારો પૂર્વે નાગરિકોને શુદ્ધ, સુરક્ષિત અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રી મળી રહે તે સુનિશ્ચિત કરવા આણંદ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાદ્ય પદાર્થોના ઉત્પાદન અને વેચાણ કરતા એકમો પર સઘન તપાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. તહેવારની સીઝનમાં મીઠાઈ અને ફરસાણની વધતી જતી માંગને ધ્યાને રાખીને બજારમાં વેચાતી સામગ્રીની શુદ્ધતાની ચકાસણી કરવામાં આવી રહી છે.

આણંદમાં છેલ્લા એક અઠવાડિયા દરમિયાન ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમો દ્વારા મીઠાઈ, બરફી, માવો, નમકીન, મઠિયા, ચોરાફળી અને મુખવાસ જેવી સામગ્રી તેમજ કાચા માલના કુલ ૫૩ શંકાસ્પદ નમૂના એકત્ર કરી સત્તાવાર વિશ્લેષણ માટે સરકારી પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે.

આ ઉપરાંત 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' વાન દ્વારા જિલ્લામાં ૮૨ સ્થળોએ ઓન-ધ-સ્પોટ પરીક્ષણ કરી માવાની શુદ્ધતા અને ચાંદીની વરખની ગુણવત્તા ચકાસવામાં આવી છે. જ્યારે ફરસાણ બનાવવામાં વારંવાર ઉપયોગમાં લેવાતા ખાદ્ય તેલની ગુણવત્તા માપવા માટે TPC (ટોટલ પોલર કમ્પાઉન્ડસ) મીટરનો ઉપયોગ કરાયો છે, જેથી પુનઃઉપયોગી તેલથી સ્વાસ્થ્યને થતું નુકસાન અટકાવી શકાય.

ખાદ્ય સુરક્ષા અને ધોરણ અધિનિયમ-૨૦૦૬ ના નિયમોનો ભંગ કરનાર કે ભેળસેળયુક્ત સામગ્રી વેચનાર સામે કાયદેસરના પગલાં લેવાશે અને નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે આગામી દિવસોમાં પણ આ તપાસ અવિરત ચાલુ રહેશે.

આણંદમાં મહિલા સોનાનો દોરો લૂંટવાનો પ્રયાસ થયો

જૂના રામજી મંદિર વિસ્તારમાં મહિલા પર મરચાની ભુક્કી નાખી

(પ્રતિનિધિ) આણંદ તા.૩

આણંદ શહેરમાં આવેલ જૂના રામજી મંદિર પાસે રહેતા બંસરીબેન પુરાણીના ઘરે તેમના બહેન રશ્મિકાબેન આવ્યા હતા. રાત્રે અંદાજે સવા નવેક વાગ્યાના સુમારે એક અજાણી મહિલા દિવાળીના તહેવાર નિમિત્તે વસ્તુઓ વેચવાના બહાને તેમજ પાણી પીવાની માગણી સાથે તેમના ઘરે આવી હતી.

આ મહિલા થોડીવારમાં ત્રીજી વખત પાણી માંગવાના બહાને આવી હતી અને અચાનક જ રશ્મિકાબેન પર મરચાની ભુક્કી નાખી દીધી હતી. બાદમાં તેણે ગળામાંથી સોનાનો દોરો ઝૂંટવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ હુમલા દરમિયાન રશ્મિકાબેન નીચે પડી જતાં સોનાનો દોરો બચી ગયો હતો.

રશ્મિકાબેને બૂમાબૂમ કરી મૂકતાં ઘરમાંથી તેમના બહેન દોડી આવ્યા હતા. આ દરમિયાન લૂંટારુ મહિલાએ પોતાની પાસે રહેલું તબાસળું રશ્મિકાબેનના માથામાં મારી ભાગી ગઈ હતી. ઘરની બહાર સામે આવેલી ભજીયાની લારી પાસે બાઈક લઈને ઊભેલા પોતાના સાગરિતની પાછળ બેસીને નાસી છૂટી હતી.

આ ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તુરંત જ શહેર પોલીસને માહિતગાર કરવામાં આવી હતી. આણંદ શહેર પોલીસે સીસીટીવી કેમેરાની તપાસ શરૂ કરી હતી અને આ બેલડીને ઝડપી પાડવા માટે ગહન તપાસ હાથ ધરી છે.

કપડવંજના ભાઈલાકૂઈની શાળા લોકસહયોગથી એસી યુક્ત બનશે

તમામ વર્ગખંડો માટે 10 એસી અને શાળા વિકાસ માટે 3 લાખથી વધુનું દાન આવ્યું

(પ્રતિનિધિ) કપડવંજ તા.૩

કપડવંજ તાલુકાનું ભાઈલાકૂઈ ગામ આજે પોતાની શ્રેષ્ઠ શૈક્ષણિક સિદ્ધિઓ અને શિક્ષણ પ્રત્યે ગ્રામજનોના અનોખા સમર્પણને કારણે સમગ્ર ગુજરાતમાં નામના મેળવી રહ્યું છે. 'જ્ઞાન ગંગોત્રી' તરીકે ઓળખાતી ભાઈલાકૂઈ પ્રાથમિક શાળાની વિશેષ પ્રવૃત્તિઓએ રાજ્યભરની શાળાઓ માટે પથદર્શક બનીને નવી પ્રેરણા પૂરી પાડી છે. ગઈકાલે રાત્રે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) દ્વારા યોજાયેલી ગ્રામજનોની જાહેર સભામાં શિક્ષણને સર્વોચ્ચ પ્રાધાન્ય આપીને દાનનો અભૂતપૂર્વ પ્રવાહ જોવા મળ્યો હતો.

કપડવંજ તાલુકાનાં ભાઈલાકૂઈ ગામની શાળાના નવા મકાનના મુખ્ય પ્રવેશદ્વાર તેમજ તમામ ઓરડાઓ માટે ૧૦ એસીનું દાન મેળવવાના હેતુથી રાત્રે શાળા વ્યવસ્થાપન સમિતિ ભાઈલાકૂઈ દ્વારા ગામની જાહેર મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સ્વ. ભગવાનદાસ કોદરભાઈ પટેલ પરિવાર તરફથી શાળાના મુખ્ય પ્રવેશદ્વારના નિર્માણ અર્થે રૂ. ૪ લાખનું માતબર દાન આપવામાં આવ્યું છે.

આ ગામના જાગૃત નાગરિકોએ શિક્ષણનું મહત્વ સમજીને શાળાના તમામ વર્ગખંડો માટે ૧૦ એસીનું દાન આપ્યું છે. આ સાથે જ ભાઈલાકૂઈ પ્રાથમિક શાળા ખેડા જિલ્લાની એવી જુજ સરકારી શાળાઓમાં સ્થાન પામશે, જેના તમામ વર્ગખંડો સંપૂર્ણપણે એસી ધરાવતા હશે. આ સિવાય પણ શાળાના સર્વાંગી વિકાસ માટે હજુ રૂ. ૩ લાખથી વધુનું દાન એકત્ર થઈ રહ્યું છે.



જે ગામ પોતાની શાળા અને શિક્ષણને આટલું પ્રાધાન્ય આપે, તે ચોક્કસપણે સમગ્ર રાજ્ય માટે એક મિશાલ બની રહે છે. ભાઈલાકૂઈ ગામના આ પ્રેરણાદાયી પગલાએ આખા ગુજરાતના ગ્રામજનોને પોતપોતાના ગામની સરકારી શાળાઓને મદદરૂપ થવા માટે નવું આહવાહન પૂરું પાડ્યું છે.

આમ, ગામ અને શાળાના ઉત્કર્ષ માટે મળેલા આ ભવ્ય સહયોગ બદલ ભાઈલાકૂઈ ગામના સરપંચ, શાળા વ્યવસ્થાપન સમિતિ ભાઈલાકૂઈ અને સમગ્ર શાળા પરિવારે તમામ દાતાશ્રીઓ તેમજ ગ્રામજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225